# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2026-27/35 Dt. 17/07/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચીન કરતાં ભારતીય પ્રોડક્ટ્સની ક્વોલિટી ચઢે, સુરતના ઉદ્યોગકારો ઘાનામાં મુક્તપણે રોકાણ કરે: હાઇ કમિશનર પ્રોફેસર ક્વાસી ઓબિરી-ડેન્સો

## SGCCI ખાતે ઘાનાના હાઇ કમિશનર અને ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે યોજાઈ વિશેષ બિઝનેસ ઇન્ટરેક્શન મીટ

### ઘાનામાં બિઝનેસ કરતાં ભારતીયોમાં સૌથી વધુ ગુજરાતી ઉદ્યોગસાહસિકો; તેમની વ્યાપારી કળા અપ્રતિમ: હાઇ કમિશનર

### રોકાણ માટે ફ્રી ઇકોનોમિક ઝોન અને ટેક્સ ફ્રી એન્ટ્રી ઉપલબ્ધ

### ભારતને સૌથી વધુ ગોલ્ડ એક્સપોર્ટ કરે છે ઘાના, જેમાંથી સોનાની સૌથી મોટી આયાત ગુજરાતમાં થાય છે

### ટેક્સટાઇલ્સ, ડાયમંડ અને રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં સુરતની વૈશ્વિક ઉત્પાદન ક્ષમતાઓથી પ્રતિનિધિમંડળને માહિતગાર કરાયું

સુરત, 17 જુલાઈ 2026:

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ના સરસાણા સ્થિત 'સંહતિ'ના 'મહેતા હોલ' ખાતે શનિવાર, તા. 18 જુલાઈ 2026ના રોજ બપોરે 12:30 કલાકે ભારત ખાતે ઘાનાના હાઇ કમિશનર પ્રોફેસર ક્વાસી ઓબિરી-ડેન્સો અને તેમના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે એક મહત્વપૂર્ણ બિઝનેસ ઇન્ટરેક્શન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઘાનાના ડેલિગેશને ત્યાં ઉપલબ્ધ વ્યાપારી સંભાવનાઓ રજૂ કરીને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને સાહસ કરવા સત્તાવાર આમંત્રણ આપ્યું હતું.

બેઠકના પ્રારંભમાં ચેમ્બરના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પ્રતિનિધિમંડળને આવકારતા જણાવ્યું હતું કે, "ચેમ્બર આજે દક્ષિણ ગુજરાતમાં 14,500 થી વધુ પ્રત્યક્ષ સભ્યો અને 155થી વધુ અગ્રણી વેપારી સંગઠનોનું પ્રતિનિધિત્વ કરતી દેશની સર્વોચ્ચ સંસ્થા છે." તેમણે ઘાનાના પ્રતિનિધિમંડળ સમક્ષ સુરતના મુખ્ય મજબૂત ક્ષેત્રો જેવા કે ટેક્સટાઇલ્સ, ડાયમંડ એન્ડ જ્વેલરી, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, ફૂડ પ્રોસેસિંગ, એન્જિનિયરિંગ અને રિન્યુએબલ એનર્જીની અદ્યતન ઉત્પાદન ક્ષમતાઓ અને નિકાસની તકો વિશે વિસ્તૃત વિગતો રજૂ કરી હતી.

## ગુજરાતીઓની બિઝનેસ કળા અને ભારતીય પ્રોડક્ટ્સની ગુણવત્તા શ્રેષ્ઠ: હાઇ કમિશનર

ઘાનાના હાઇ કમિશનર પ્રોફેસર ક્વાસી ઓબિરી-ડેન્સોએ ગુજરાતી ઉદ્યોગસાહસિકોના મુક્તકંઠે વખાણ કરતા જણાવ્યું હતું કે, "ગુજરાત અને ઘાના વચ્ચે સદીઓ જૂના અને અત્યંત મજબૂત વ્યાપારી સંબંધો છે. ઘાનામાં સફળતાપૂર્વક બિઝનેસ કરતાં ભારતીયોમાં સૌથી મોટી સંખ્યા ગુજરાતીઓની છે, કારણ કે ગુજરાતીઓમાં રહેલી બિઝનેસ કરવાની સૂઝબૂઝ ખરેખર સરાહનીય છે. આફ્રિકન બજારોમાં ચીન કરતાં ભારતીય પ્રોડક્ટ્સની ગુણવત્તા ઘણી વધુ શ્રેષ્ઠ અને ટકાઉ સાબિત થઈ છે."

તેમણે રોકાણની વિપુલ તકો અંગે માહિતી આપતા ઉમેર્યું કે, ઘાનામાં ફાર્માસ્યુટિકલ્સ, ટેક્સટાઇલ, ડાયમંડ, ઇલેક્ટ્રોનિક્સ, એન્જિનિયરિંગ, આઇટી, ફૂડ પ્રોસેસિંગ અને રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં રોકાણ માટે સુવર્ણ તક છે. સાહસિકોને પ્રોત્સાહન આપવા માટે ઘાના સરકાર દ્વારા 'ટેક્સ ફ્રી એન્ટ્રી' તેમજ વિશેષ 'ફ્રી ઇકોનોમિક ઝોન'ની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત ઉદ્યોગ માટે જરૂરી આધુનિક લોજિસ્ટિક્સ, રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને વેરહાઉસિંગની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવાશે. તેમણે ભારપૂર્વક નોંધ્યું કે, ઘાના ભારતને સૌથી વધુ પ્રમાણમાં સોનાનું એક્સપોર્ટ કરે છે અને તેમાંથી સોનાનો સૌથી મોટો હિસ્સો સીધો ગુજરાતમાં આયાત થાય છે.

આ હાઇ-પ્રોફાઇલ બેઠકમાં ઘાનાના ઇન્વેસ્ટમેન્ટ અને ટુરિઝમ મંત્રી શ્રી ક્વાસી ઐમાંગ ગ્યાન-તુતુ, મિનિસ્ટર કાઉન્સિલર શ્રી મુનિરી કાદિરી તથા ટુરિઝમ અને કલ્ચરલ ટ્રેડ કાઉન્સિલર નાના કોજો અસિયેદુ વિશેષ રૂપે હાજર રહ્યા હતા. ચેમ્બર તરફથી ઓલ એક્ઝિબિશન ચેરમેન શ્રી મનીષ કાપડિયા, ગ્રૂપ ચેરમેન શ્રી અમિષ શાહ તેમજ અગ્રણી ઉદ્યોગ સાહસિકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ચેમ્બરની ઇન્ટરનેશનલ ડેલિગેશન કમિટીના ચેરમેન શ્રી હરેશ કલકત્તાવાલાએ પ્રોગ્રામની રૂપરેખા આપી હતી. સમગ્ર સત્રનું સંચાલન SGCCI ગ્લોબલ કનેક્ટ કમિટીના શ્રી દેવકિશન મંઘાણી દ્વારા કરવામાં આવ્યું હતું અને અંતમાં ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી રવિરાજ દેસાઈએ ઉપસ્થિત મહેમાનોનો આભાર વ્યક્ત કરી બેઠકનું સમાપન કર્યું હતું.